બાળકોની શાળાની ફી, ઘરનું ભાડું અને પરિવારની મૂળભૂત જરૂરિયાતો પણ સંતોષી શકતા નથી

# બાજવા PHCના વર્ગ-૪ના કર્મચારીઓ પર આર્થિક સંકટ, ૬ માસથી વેતન ચૂકવાયું નથી

**કર્મચારીઓને ધમકી** આપનાર સંબંધિત કોન્ટ્રાક્ટર વિરુદ્ધ સખત કાર્યવાહીની માગ કરાઇ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

શહેર નજીક આવેલા બાજવા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ આધારિત વર્ગ-૪ના કર્મચારીઓ ગંભીર આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. છેલ્લા છ મહિનાથી નિયમિત પગાર નહીં મળવાને કારણે આ કર્મચારીઓના પરિવારજનો માટે ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે. અનેક વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં તંત્ર કે સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ જ સંતોષકારક પગલાં લેવામાં આવ્યા નથી. કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જ્યારે તેઓ પોતાના પરસેવાની કમાણી એટલે કે બાકી નીકળતા પગારની માંગણી કરવા માટે જાય છે, ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા ઉદ્ધતાઈભર્યું




વર્તન કરવામાં આવે છે. એટલું જ નહીં, નોકરીમાંથી છૂટા કરી દેવાની અથવા કાઢી મૂકવાની ખુલ્લી ધમકીઓ પણ આપવામાં આવી રહી હોવાનો ગંભીર આક્ષેપ કર્મચારીઓએ કર્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કેટલાક અવાજ ઉઠાવનાર કર્મચારીઓને તો નોકરીમાંથી દૂર પણ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે અન્ય કર્મચારીઓમાં પણ ભયનો માહોલ ફેલાયો છે. છ મહિના સુધી પગાર વગર કામ કરવું પડે તેવી આદરણિય સ્થિતિમાં મૂકાયેલા આ શ્રમજીવી કર્મચારીઓએ જણાવ્યું હતું કે સમયસર વેતન ન મળવાથી તેઓ પોતાના બાળકોની શાળાની ફી, ઘરનું ભાડું અને પરિવારની મૂળભૂત જરૂરિયાતો પણ સંતોષી શકતા નથી. મોંઘવારીના આ સમયમાં દેવું કરીને દિવસો પસાર કરવાની ફરજ પડી રહી છે.આ ગંભીર મામલે બાજવા આરોગ્ય કેન્દ્રના પીડિત કર્મચારીઓએ રાજ્ય સરકાર, જિલ્લા આરોગ્ય વિભાગ અને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે, છેલ્લા છ મહિનાના બાકી રહેલા પગારની ચુકવણી તાત્કાલિક ધોરણે કરવામાં આવે. ગેરરીતિ આચરનાર અને કર્મચારીઓને ધમકી આપનાર સંબંધિત કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાયદેસરની સખત કાર્યવાહી થાય. નોકરીમાંથી નિકાલ કરાયેલા કર્મચારીઓને તાત્કાલિક પુનઃસ્થાપિત કરવામાં આવે અને તમામ કર્મચારીઓને નોકરીની સુરક્ષા પૂરી પાડવામાં આવે.

## વડોદરા શહેરમાં ૪ ઓગસ્ટ પછી સોલાર ટ્રીઝનું કરાશે લોકાર્પણ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને નવીન પ્રોજેક્ટોને વેગ આપવાની દિશામાં મહત્વના નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ અંગે માહિતી આપતા જણાવાયું છે કે શહેરમાં આકાર લઈ રહેલા સોલર ટ્રીઝનું લોકાર્પણ આગામી ૪ ઓગસ્ટ પછી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, શહેરમાં હાથ ધરાયેલા ડ્રેનેજ માસ્ટર પ્લાન સંબંધિત બાકી રહેલી કામગીરીઓને ઝડપથી પૂર્ણ કરવા માટે ખાસ ધ્યાન આપીને કામગીરી સઘન બનાવવામાં આવી છે. શહેરમાં ચાલતા વિવિધ વિકાસ કાર્યોમાં ગુણવત્તા જળવાઈ રહે તે માટે ડીએમસી પ્રોજેક્ટ હેઠળ ક્વોલિટી કંટ્રોલ સેલ અને પ્લાનિંગ સેલ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. તમામ પ્રકારના કાર્યોમાં કડક ક્વોલિટી કંટ્રોલ લાવવા માટે અસંખ્ય ઈજારાદારો પર દેખરેખ રાખી કામગીરીનું યોગ્ય પ્લાનિંગ કરવામાં આવશે.

VMCની કામગીરી સામે શહેરીજનોમાં ભારે રોષ

# કરોડોના ખર્ચ છતાં રખડતા પશુઓ અને શ્વાનોના ત્રાસથી નાગરિકોને મુક્તિ નહીં

**મુખ્ય માર્ગો પર** અડિંગો જમાવતા પશુઓ અને વધતા હુમલાથી નાગરિકોમાં ભયનો માહોલ

**પશુપાલકો દ્વારા** ખુલ્લેઆમ ગાયોને રસ્તા પર દોડાવવામાં આવે છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

વડોદરામાં રખડતા પશુઓ અને હડકાયા શ્વાનોનો ત્રાસ દિવસ-દિવસે વકરી રહ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઢોર નિયંત્રણ પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો માતબર ખર્ચ કરવામાં આવતો હોવા છતાં શહેરીજનોની સમસ્યાઓ જસની તસ છે. મુખ્ય માર્ગો પર પશુઓનો જમાવડો અને શ્વાનો દ્વારા રાહદારીઓ પર હુમલા કરી બચકા ભરવાની ઘટનાઓથી નાગરિકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

શહેરના મુખ્ય માર્ગો અને સોસાયટી વિસ્તારોમાં રખડતા પશુઓના કારણે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. ખાસ કરીને રાત્રે ૧૧ વાગ્યા બાદ શહેરના હાર્દસમા વિસ્તારોમાં ગાયો અને આખલાઓનો મોટો જમાવડો જોવા મળે છે. અંધારામાં કે અચાનક પશુઓ વચ્ચે આવી જવાના કારણે દ્વિચક્રી વાહનચાલકો અકસ્માતોનો ભોગ બની રહ્યા છે. અનેક વખત પશુઓ રસ્તાની વચ્ચોવચ બેસી રહેતા ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઢોર ડબ્બા શાખા મારફતે રખડતા પશુઓને પકડવા માટે દર વર્ષે કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે. તંત્ર દ્વારા સમયાંતરે અભિયાન ચલાવવામાં આવતા હોવાના દાવા કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત સાવ વિપરીત છે. શહેરમાં પશુઓની સંખ્યા ઘટવાને બદલે ઉત્તરોત્તર વધી રહી છે, જે VMCની કામગીરી સામે સીધા સવાલો ઉભો કરે છે.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ, હજુ પણ કેટલાક સ્વાર્થી પશુપાલકો દ્વારા ખુલ્લેઆમ ગાયોને રસ્તા પર દોડાવવામાં આવે છે. તંત્રના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ આ તમામ સ્થિતિથી વાકેફ હોવા છતાં કોઈ કડક અને નક્કર કાર્યવાહી કરતા નથી, જેને લઈને નાગરિકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

ઓવરલોડિંગ અને લાયસન્સ વગર વાહન ચલાવતા લોકોને સૌથી વધુ ફટકો

# RTOની ચેકીંગ ડ્રાઈવમાં જૂન મહિનામાં ૨૬૪૬ વાહનો સામે દંડનીય કાર્યવાહી

**૧.૦૬** કરોડથી વધુ રકમ વસૂલવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે વડોદરા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા મોટું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જૂન-2026 દરમિયાન ચાલેલા આ વિશેષ ચેકિંગ ડ્રાઈવમાં કુલ 2,646 વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આરટીઓના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી આ ઝુંબેશમાં નિયમભંગ કરનારા પાસેથી કુલ 1,06,38,204 નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

દંડની રકમની દૃષ્ટિએ ઓવરલોડ વાહનો અને પરમિટ વગર ચાલતા વાહનો સામે સૌથી કડક પગલા લેવાયા. ઓવરલોડિંગના 247



કેસમાં 31 લાખથી વધુ અને પરમિટ વગરના 339 કેસમાં 11.62 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડ્રાઈવિંગ લાયસન્સ વગર વાહન હંકારતા 344 ચાલકો પાસેથી 9.25 લાખ, ફિટનેસ સર્ટિફિકેટ વિનાના 227 વાહનો પાસેથી 6.76 લાખ અને ટેક્સ ન ભરેલા 59 વાહનો પાસેથી 4.93 લાખ વસૂલવામાં આવ્યા હતા. પિયુસી ન હોવાના 514 કેસમાં 2.57 લાખ, નો-પાર્કિંગના 749 કેસમાં 3.74 લાખ, વીમા વગરના 343 કેસમાં 6.86 લાખનો દંડ કરાયો. ગેરકાયદેસર એલઈડી લાઈટના 312 અને બુલબાર લગાવવાના 245 કેસ પણ નોંધાયા હતા. ઓવર ડાયમેન્શનના 80 કેસમાં 8.67 લાખ અને બેદરકારીપૂર્વક વાહન ચલાવવાના 143 કેસમાં 2.40 લાખનો દંડ કરવામાં આવ્યો હતો. સીટબેલ્ટ-હેલ્મેટ વગરના 144, આરયુપીડી-એસયુપીડી વગરના 103, ક્લેન્ડેસ્ટાઈન ઓપરેશનના 21, બેફામ ડ્રાઈવિંગના 46, રેડિયમ રિફ્લેક્ટર વગરના 54 અને નંબર પ્લેટ વગરના 43 કેસ પણ ઝડપાયા હતા. આરટીઓ તંત્ર દ્વારા તમામ વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે કે પોતાની અને અન્યની સલામતી માટે ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરે. નિયમોનો ભંગ કરનાર સામે આવી કાર્યવાહી સતત ચાલુ રહેશે.

## માંજલપુર પેટાચૂંટણી પહેલાં CISFનું ફ્લેગ માર્ચ



■ વડોદરાની માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીને ધ્યાનમાં રાખીને મકરપુરા સહિત વિવિધ વિસ્તારોમાં સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત ફ્લેગ માર્ચ તથા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. મુખ્ય માર્ગો, જાહેર સ્થળો અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. પોલીસે મતદારોને નિર્ભય અને નિષ્પક્ષ રીતે મતદાન કરવા અપીલ કરી હતી. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સતત પેટ્રોલિંગ, ફ્લેગ માર્ચ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે તેમ પોલીસ તંત્રએ જણાવ્યું હતું.

અકોટાની ટ્રાવેલ્સ સંચાલક મહિલા સાથે ઠગાઈ

# કાર ભાડે લઈને ગઠિયો રફૂચક્કર, GPS બંધ કર્યુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

અકોટા વિસ્તારમાં રહેતી મહિલા પાસેથી માઉન્ટ આબુ ફરવા જવાનું કહી ભાડે કાર એક શખ્સ લઈ ગયો હતો. એડવાન્સ રકમ, ડિપોઝિટ અને આઈડી પ્રૂફ આપીને વિશ્વાસ જીત્યો પણ કાર પરત ન આપી ફરાર થઈ ગયો હતો. બાદમાં કારનું GPS લોકેશન રાજસ્થાનના જોધપુર સુધી દેખાયા પછી બંધ થઈ જતાં આખરે મહિલા સંચાલિકાએ પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.અકોટાના પ્રિતવન સોસાયટીમાં રહેતા અને "પાર્થરાજ ટ્રાવેલ્સ" નામે ફોર વ્હીલર વાહનો ભાડે આપવાનો વ્યવસાય કરતી મોનીકાબેન નરેન્દ્રસિંહ વાસાડિયાએ અકોટા પોલીસ સ્ટેશનમાં મ નોંધાવેલી ફરિયાદ મુજબ, 14 જુલાઈની મોડી રાત્રે તેમના મોબાઈલ પર ઝાલરિયા પાર્થકુમાર ભરતભાઈ (રહે. સારા, સુરેન્દ્રનગર) નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. તેણે મિત્રો સાથે માઉન્ટ આબુ ફરવા જવાનું હોવાનું કહી બે દિવસ માટે કાર ભાડે માંગતા વિશ્વાસમાં લેવા માટે પહેલા રૂ.1,000 ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. ઉપરાંત પોતાનું આઈડી પ્રૂફ પણ વોટ્સએપ પર મોકલ્યું હતું.

ત્યારબાદ મોનીકાબેન અને તેમના ભાઈ પ્રતિક પાદરા ખાતે આરોપીને મળ્યા હતા. ત્યાં આરોપીએ બે દિવસનું રૂ.8,000 ભાડું તેમજ રૂ.15,000 ડિપોઝિટ ચૂકવી કાર પોતાના કબજામાં લીધી હતી. નક્કી કરેલા સમય બાદ પણ કાર પરત ન મળતાં મોનીકાબેને આરોપીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું. કારમાં લગાવેલા GPS પરથી છેલ્લું લોકેશન રાજસ્થાનના જોધપુરનું જોવા મળ્યું હતું, ત્યારબાદ GPS પણ બંધ થઈ ગયું હતું. આરોપીએ આશરે રૂ.11 લાખની કિંમતની કાર પરત નહીં આપી છેતરપિંડી આચરતાં મોનીકાબેને અકોટા પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે.

અકસ્માત અને અસાવધાનીના વડોદરા અને દાહોદમાં બનાવ બન્યા

# ગરમ કૂકર ખોલતા યુવક દાઝયો, તો મિક્સરમાં હાથ ફસાતા યુવકને ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

રસોડામાં કામ કરતી વખતે કે રસોઈ બનાવતી વખતે થોડીક પણ અસાવધાની કેટલી ભારે પડી શકે છે, તેના બે અલગ-અલગ કમનસીબ બનાવો સામે આવ્યા છે. રસોડાના રોજિંદા કામકાજ દરમિયાન વડોદરામાં એક યુવક ગરમ કુકર ખોલવાના પ્રયાસમાં દાઝી ગયો હતો, જ્યારે દાહોદના છાપરી ગામમાં એક યુવકને મિક્સર ચાલુ કરતી વેળાએ ડાબા હાથે ગંભીર ઈજા પહોંચી હતી. આ બંને ઈજાગ્રસ્ત યુવકોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલા જય યોગેશ્વર ટાઉનશિપમાં રહેતા ૨૫ વર્ષીય ગુરુ કુમાર વિનોદભાઈ શાહ ગત રાત્રે આશરે ૯:૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હાજર હતા. આ દરમિયાન તેઓ રસોઈ બનાવવાની કામગીરી કરી રહ્યા હતા.

ઘરે રસોઈ બનાવતી વેળાએ વરાળ ભરેલું ગરમ કુકર ખોલવાની ઉતાવળ કે અસાવધાનીના કારણે ગરમ પ્રવાહી અને વરાળ અચાનક છૂટી હતી, જેના લીધે ગુરુ કુમાર શાહ દાઝી ગયા હતા. ઘટનાને પગલે પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક તેમને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત સુધારા પર હોવાનું જાણવા મળે છે.

બીજી એક ઘટના દાહોદ જિલ્લાના છાપરી ગામમાંથી સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છાપરી ગામમાં આવેલા પેટ્રોલ પંપ પાછળના વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય રાજકુમાર રાવજીભાઈ ચૂલા પાલ ગત સાંજે ૫:૦૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ઉપસ્થિત હતા. ત્યારે ઘરકામ દરમિયાન તેઓ મિક્સર ચાલુ કરવા જઈ રહ્યા હતા તે વેળાએ અચાનક મિક્સરના બ્લેડ કે ભાગમાં તેમનો ડાબો હાથ આવી ગયો હતો. મિક્સર ચાલુ હોવાના કારણે તેમના ડાબા હાથે ગંભીર ઈજા પહોંચી હતી. અચાનક બનેલી આ ઘટનાથી ઘરમાં આઘાત છવાઈ ગયો હતો. ઈજાગ્રસ્ત રાજકુમારભાઈને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે.

## વડોદરા રોજગાર કચેરી દ્વારા લશ્કરી અને પોલીસ ભરતી પૂર્વે ૯૦ ઉમેદવારોને તાલીમ અપાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

રાજ્યના યુવાનોને સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામક, ગાંધીનગર હસ્તકની મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, વડોદરા દ્વારા એક સઘન અને નિઃશુલ્ક નિવાસી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭ માં યોજાનાર અગ્નીવીર, આર્મી, નેવી, એરફોર્સ, પોલીસ, ફોરેસ્ટ અને અન્ય સીક્યુરીટી દળોની ભરતીમાં વડોદરાના ઉમેદવારો શારીરિક અને લેખિત પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે તે માટે કુલ ૯૦ ઉમેદવારોને ૩૦ દિવસની (૨૪૦ કલાક) સંપૂર્ણ મફત નિવાસી તાલીમ પૂરી પાડવામાં આવશે.આ તાલીમ કાર્યક્રમમાં જોડાવા માટે ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૧૭.૫ થી ૨૧ વર્ષની વયમર્યાદા ધરાવતા અપરણિત પુરુષ ઉમેદવારો જ પાત્રતા ધરાવે છે. પસંદગી પામેલા ૯૦ ઉમેદવારો પૈકી ૩૦ બેઠકો અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે ફાળવવામાં આવી છે.

ઇન્દ્રાડ ગામની પરિણીતાના નિધનથી પરિવારમાં શોકનું મોજું

# હાલોલની સગર્ભાનું ઓપરેશન બાદ શંકાસ્પદ મોત

**વડોદરામાં** સારવાર દરમિયાન વધુ બ્લીડિંગ થતાં સર્જાઇ ગંભીર પરિસ્થિતિ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ઈન્દ્રાડ ગામના ભાયલી ફળિયામાં રહેતી ૩૬ વર્ષીય પરિણીતા સંગીતાબેન સંતોષભાઈ નાયકનું સિઝર ઓપરેશન બાદ તબિયત લથડતાં વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. આ ઘટના અંગે હાલોલ રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગર્ભવતી સંગીતાબેનનું સિઝર દ્વારા ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન સફળ રહ્યા બાદ પ્રથમ દિવસે પરિસ્થિતિ સામાન્ય હતી, પરંતુ બીજા દિવસે તા. ૨૦મીના રોજ બપોરે આશરે ૨:૦૦ વાગ્યાના અરસામાં અચાનક તેમની તબિયત બગડવા લાગી હતી. જેથી પરિવારજનોએ તાત્કાલિક તેમને હાલોલની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

હાલોલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની તબિયતમાં સુધારો ન જણાતા તબીબોએ તેમને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કર્યા હતા. સયાજી હોસ્પિટલમાં સારવાર શરૂ કરવામાં આવે તે પૂર્વે જ અથવા દરમિયાન તેમને વધારે પડતું બ્લીડિંગ થઈ જતાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ હતી. આજ વહેલી સવારે સારવાર દરમિયાન સંગીતાબેને દમ તોડી દીધો હતો. યુવાન પરિણીતાના અચાનક મોતથી ઈન્દ્રાડ ગામના ભાયલી ફળિયામાં અને પરિવારમાં ભારે શોક છવાઈ ગયો છે. આ મામલે હાલોલ રૂરલ પોલીસે ગુનાહિત કે તબીબી બેદરકારી સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચરોતર વૈશ્ય સુથાર બંધુ સમાજની સામાન્ય સભા મળી



વડોદરાઃ શ્રી ચરોતર વૈશ્ય સુથાર બંધુ સમાજ, વડોદરા સંસ્થાની સ્થાપનાના ૩૩ વર્ષ પૂર્ણ થવા તેમજ ટ્રસ્ટની સ્થાપનાના ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ છાણી સ્થિત લેઉવા પટેલ વાડી ખાતે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના જ્ઞાતિબંધુઓ પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સભા દરમિયાન બાળમંદિરથી ધોરણ ૧૨ સુધી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનું ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ સંસ્થાના નવા ટ્રસ્ટી મંડળ અને કાર્યવાહક સમિતિની બંધારણ મુજબ વરણી કરી સભાની બહાલી મેળવવામાં આવી. સંસ્થાના પ્રમુખ ગૌતમભાઈ સુથારે સ્વાગત પ્રવચન આપી મુખ્ય મહેમાન નિશિથભાઈ ગજ્જરનો પરિચય કરાવ્યો હતો. મંત્રી અલ્પેશ સુથારે ગત વર્ષનો વાર્ષિક અહેવાલ રજૂ કરી આગામી પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. જ્યારે ખજાનચીએ વાર્ષિક હિસાબ રજૂ કરતાં સભાએ તેને સર્વાનુમતે મંજૂરી આપી હતી.આ પ્રસંગે ચેરિટી કમિશ્નર, વડોદરાના માર્ગદર્શન અને સૂચનાઓના અનુસંધાનમાં જૂના ટ્રસ્ટી મંડળના રાજીનામા સ્વીકારી નવા ટ્રસ્ટી મંડળ અને કાર્યવાહક સમિતિની રચનાને બહાલી આપવામાં આવી.મુખ્ય મહેમાન નિશિથભાઈ ગજ્જરે યુવાનોને સમાજ ઉપયોગી કાર્યોમાં સક્રિય બનવા અપીલ કરી હતી. તેમણે સમાજના બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી જન્મ સમયે પ્રત્યેક સભ્ય દ્વારા રૂ. ૨૦૦નું યોગદાન એકત્રિત કરવાની યોજના રજૂ કરી હતી.

## સ્વારાંજલિ મ્યુઝિક એકેડમી 'ઇન્ડિયન આઇડલ'ના સેમિ-ફાઇનલમાં ઝળકી



વડોદરા : વડોદરા સ્થિત સ્વારાંજલિ મ્યુઝિક એકેડમીએ ભારતના ટોચના સિંગિંગ રિયાલિટી શો પૈકીના એક એવા 'ઈન્ડિયન આઈડલ'ના સેમિ-ફાઈનલમાં પરફોર્મ કરવાનું ખાસ આમંત્રણ મેળવીને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી છે. આ પ્રતિષ્ઠિત મંચ માટે પસંદગી પામનાર ગુજરાતનું એકમાત્ર ગ્રુપ બનીને એકેડમીએ દેશભરના દર્શકો સમક્ષ રાજ્યની સમૃદ્ધ સંગીત પ્રતિભાનું પ્રદર્શન કર્યું છે અને વડોદરા સહિત ગુજરાત માટે ગૌરવની ક્ષણ સર્જી છે.આ સિદ્ધિમાં વધુ એક સરસ ઉમેરો કરતાં, સ્વારાંજલિ મ્યુઝિક એકેડમીના ૧૨ પ્રતિભાશાળી ગાયકોએ સેમિ-ફાઈનલ એપિસોડ દરમિયાન ઈન્ડિયન આઈડલના સ્પર્ધક તનિષ્ક શુક્લા સાથે એક ખાસ ડ્યુએટ રજૂ કર્યું હતું.

મીનાક્ષી મન્હાસે વધુમાં જણાવ્યું કે, શરૂઆતમાં તેમને આવેલો પહેલો કોલ એક ફેક કોલ લાગ્યો હતો, પરંતુ બાદમાં તેમણે આ ક્ષણને ગ્રુપ માટે જીવન બદલી નાખનારો વળાંક ગણાવ્યો હતો. તેઓ સૌ મુંબઈ ગયા, સ્પર્ધકો સાથે અને અભિનેત્રી હેમા માલિની સહિતના આદરણીય જજો સમક્ષ પરફોર્મ કર્યું. અને આવા ભવ્ય મંચ પર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને અમને ખૂબ આનંદ થયો. જજ તરફથી મળેલી પ્રશંસા અમારા માટે આજીવન યાદગાર બની રહેશે."

## SVEEP કાર્યક્રમ હેઠળ વાલી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

વડોદરા : ૧૪૫-માંજલપુર વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત SVEEP કાર્યક્રમના ભાગરૂપે લિટલ ફ્લાવર્સ સ્કૂલ, માંજલપુર, વડોદરા ખાતે વાલીઓ માટે "'વાલી મતદાન જાગૃતિ સત્ર'"નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વાલીઓમાં મતદાન પ્રત્યે જાગૃતિ લાવવાનો, લોકશાહી મૂલ્યોને વધુ દૃઢ બનાવવાનો તથા આગામી પેટા ચૂંટણીમાં મહત્તમ મતદાન સુનિશ્ચિત કરવા માટે પ્રેરિત કરવાનો હતો.

આ સત્ર દરમિયાન શાળાના આચાર્ય શ્રી કિરીટભાઈ જાદવ દ્વારા ઉપસ્થિત વાલીશ્રીઓને મતદાનના બંધારણીય, સામાજિક અને રાષ્ટ્રીય મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોતાના ઉદ્બોધનમાં તેમણે જણાવ્યું હતું કે, મતદાન એ દરેક નાગરિકનો અધિકાર છે. રાષ્ટ્ર પ્રત્યેની નૈતિક જવાબદારી છે. સશક્ત લોકશાહીના નિર્માણ માટે જાગૃત અને જવાબદાર મતદારોની સક્રિય ભાગીદારી અનિવાર્ય છે.

આ પ્રસંગે લોકશાહીમાં મતદાનનું મહત્વ, દરેક મતનું મૂલ્ય, ૧૦૦ ટકા મતદાનની અપીલ અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આગામી પેટા ચૂંટણીમાં તમામ પાત્ર મતદારો પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરે તેમજ પરિવારજનો, સગા-સંબંધીઓ અને આસપાસના નાગરિકોને પણ મતદાન માટે પ્રેરિત કરે તે અંગે અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત વાલીશ્રીઓએ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી હતી તથા લોકશાહીના આ મહાપર્વમાં પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.


## આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકીવિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), મહારાષ્ટ્ર-400072

ગોધરા શાખાઃ શોપ નં. 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001

રાજપીપળા શાખાઃ જી-53, ગ્રાઉન્ડ ફ્લોર, સૂર્યા પ્લાઝા કોમ્પ્લેક્સ, સંતોષ ચાર રસ્તા રોડ, રાજપીપળા - 393145

### ઈ-હરાજી - વેચાણ નોટિસ

સિક્યોરિટિઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6)ના પ્રાવધાન સાથે વાંચતા સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી સાર્વજનિક જનતાને અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા કબજે કરવામાં આવેલી નીચે વર્ણવેલ ગીરો મૂકેલી સ્થાવર મિલકતોનું વેચાણ કોઈ પણ જાણીતા બોજા વિના "જેમ છે, જ્યાં છે ત્યાં", "જેમ છે તે સ્થિતિમાં" અને "જે કંઈ પણ છે તે ધોરણે" કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

| ક્રમ | દેવાદાર(રો) / સહ-દેવાદાર(રો) / જામીનદાર(રો) | માંગણી નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત (RP) | અનામત રકમ (RP ના 10%) | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 17610000180 / ગોધરા શાખા) વાસુદેવ ચંદુભાઈ દબગર (દેવાદાર) જીજ્ઞાશાબેન વાસુદેવ દબગર (સહ-દેવાદાર) | 14-04-2026 & ₹ 19,48,928/- | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, પ્રોપર્ટી ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર), ખાનગી પ્લોટ નંઃ 101, રાધા માધવ પાર્ક સોસાયટી (મા સરસ્વતી પાર્ક 03), ગોધરા અમદાવાદ રોડ, ખાનગી પ્લોટ નં. 101, તા. ગોધરા, જી. પંચમહાલ, ગુજરાત - 389001. ચતુર્સીમાઃ પૂર્વઃ 7-50 મીટર રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. 82 ની હદ, ઉત્તરઃ પ્લોટ નં. 102 ની હદ, દક્ષિણઃ પ્લોટ નં. 100 ની હદ. | Rs. 18,71,920/- | Rs. 187,192/- | પ્રત્યક્ષ |
| 2 | (લોન કોડ નં. 48610000046 / રાજપીપળા શાખા) પ્રવિણભાઈ ભીલ (દેવાદાર) લલિતાબેન ભીલ (સહ-દેવાદાર) | 09-10-2025 & ₹ 4,07,358/- | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર મિલકત નં. 10/1, તારોલ (ઓફિસ ફળિયું), તારોલ રોડ, મિલકત નં. 10/1, ગામઃ તારોલ, તા. નસવાડી, જી. છોટાઉદેપુર, ગુજરાત - 391150. ચતુર્સીમાઃ પૂર્વઃ ખુલ્લી જગ્યા પછી ભીલ દાદુ ડેડાભાઈનું ઘર, પશ્ચિમઃ ખુલ્લી જગ્યા પછી ભીલ અંબુ શાંતિભાઈનું ઘર, ઉત્તરઃ ખુલ્લી જગ્યા પછી ભીલ ઉકેડભાઈ મંજીભાઈનું ઘર, દક્ષિણઃ ખુલ્લી જગ્યા પછી ભીલ રમેશભાઈ શાંતિભાઈનું ઘર. | Rs. 8,09,400/- | Rs. 80,940/- | પ્રત્યક્ષ |

1.EMD નો ડીડી (DD), KYC, ટેન્ડર ફોર્મ અને સ્વીકારેલ નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) જમા કરવાની અંતિમ તારીખઃ 25-08-2026 સાંજે 5:00 વાગ્યા સુધીમાં ઉપર દર્શાવેલ શાખા કાર્યાલયના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાનું રહેશે. અંતિમ તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણાશે અને રદ કરવામાં આવશે. EMDની રકમ પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.

2. બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) મિલકત માટે 27-08-2026ના રોજ બપોરે 3:00થી 4:00 વાગ્યા સુધી https://bankeauctions.com પર રહેશે.

3. AHFL ઉપર દર્શાવેલ મિલકત પરની કોઈ પણ બાકી જવાબદારી માટે જવાબદાર રહેશે નહીં. મિલકતની હરાજી 'જેમ છે, જ્યાં છે ત્યાં', 'જેમ છે તે સ્થિતિમાં' અને 'જે કંઈ પણ છે તે ધોરણે' કરવામાં આવશે.

4. ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) ફક્ત 'Aadhar Housing Finance Limited' ના નામે જ બનાવવાનો રહેશે.

5. હરાજી/બોલી ફક્ત વેબસાઇટ https://bankeauctions.com દ્વારા "ઓનલાઇન ઇલેક્ટ્રોનિક બીડીંગ" મારફતે જ થશે. બોલી લગાવનારાઓને વિનંતી છે કે ઈ-હરાજીમાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઇટ જોઈ લેવી.

6. ઈચ્છુક બોલીદાતાઓએ M/s C 1 INDIA PVT LTD પોર્ટલ પર લિંક https://bankeauctions.com/registration/signup દ્વારા તેમના નામ નોંધાવવાના રહેશે અને તેમના યુઝર ID અને પાસવર્ડ મફત મેળવવાના રહેશે. સંભવિત બોલીદાતા સેવા પ્રદાતા M/s C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઇટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી અંગે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.

7. વધુ વિગતો માટે આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી અમિતકુમાર સોની (સંપર્કઃ 9913333214) અથવા સેવા પ્રદાતા M/s C1 INDIA PVT LTD, શ્રી પ્રભાકરન (મોબાઈલ નંઃ +91-74182-81709, ઈ-મેઈલઃ tn@c1india.com & support@bankeauctions.com, ફોન નં. +917291981124/25/26) નો સંપર્ક કરો. આજની તારીખે, AHFL/AHFL ના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત અસ્કયામતો વેચવા, ટ્રાન્સફર કરવા અને/અથવા નિકાલ કરવાથી રોકતો કોઈ મનાઈ હુકમ કે કોર્ટનો આદેશ નથી.

8. વેચાણની વિગતવાર શરતો માટે, કૃપા કરીને સુરક્ષિત લેણદાર આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ની વેબસાઇટ www.aadharhousing.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

9. હરાજી માટે બીડ વધારાની રકમ (Incremental Amount) રૂ. 10,000/- છે.

10. આ સમાચારપત્ર પ્રકાશન અને તેમાં સમાવિષ્ટ માહિતી સામાન્ય જનતાના પ્રસારણ માટે છે. કોઈપણ માધ્યમ દ્વારા, પ્રિન્ટ, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક, ઈ-મેઈલ કે વેબ પબ્લિકેશન અથવા અન્ય કોઈ પણ રીતે આ સામગ્રીનું આંશિક કે પૂર્ણપણે પુનઃઉત્પાદન, વિતરણ, ટ્રાન્સમિશન કે પુનઃપ્રકાશન સખત રીતે પ્રતિબંધિત છે. કોઈ પણ માધ્યમ દ્વારા આ સામગ્રીનો અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 22-07-2026

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ